# ગાંધીનગરમાં ઈન્ટર ડિસ્ટ્રિક્ટ વેટરન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨નો શુભારંભ



ગાંધીનગર, તા.૨૨

આજે સવારે શહેરના સેક્ટર-૮ ખાતે ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમીના ગ્રાઉન્ડ પર ઈન્ટર ડિસ્ટ્રિક્ટ વેટરન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨નો શુભારંભ થયો હતો. આ ટૂર્નામેન્ટનું અમદાવાદના જેસીપી રાજેન્દ્ર અસારી અને ગુજરાત વેટરન્સ ક્રિકેટ એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ અશોક જોશીએ ઉદઘાટન કર્યુ હતું. આ સાથે રાજેન્દ્ર અસારીએ ટૂર્નામેન્ટની પ્રારંભિક ટી-૨૦ મેચમાં બંને ટીમના કેપ્ટન સાથે ટોસ ઉછાળ્યો હતો. પ્રારંભિક મેચ સાબરકાંઠા અને આણંદ જિલ્લાની વેટરન્સ ટીમો વચ્ચે રમાઈ હતી જેમાં રસાકસી સાથે આણંદનો ૧૪ રને વિજય થયો હતો.

ગાંધીનગર ખાતે શરૂ થયેલી ઈન્ટર ડિસ્ટ્રિક્ટ વેટરન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨ના ઉદઘાટન પ્રસંગે અમદાવાદના જેસીપી રાજેન્દ્ર અસારી અને ગુજરાત વેટરન્સ ક્રિકેટ એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ અશોક જોશી ઉપરાંત જીવીસીએલના સેક્રેટરી નયન પંચાલ, ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી જગત પટેલ, જીવીસીએલ આણંદના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. શૈલેષભાઈ અને ગાંધીનગર વેટરન્સ ક્રિકેટ એસોસિયેશનના પ્રેસિડેન્ટ ઝહીર મનસુરી ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે રાજેન્દ્ર અસારીએ જણાવ્યું હતું કે "વેટરન્સ ક્રિકેટ ખેલાડીની પોતાની અંદરના બાળક તથા યુવાનને સદા જીવંત રાખવા માટે જરૂરી છે." અશોક જોશીએ જણાવ્યું હતું કે "વેટરન્સ ક્રિકેટ ટૂર્નામેન્ટના આયોજનથી યુવા ખેલાડીઓને જુના અનુભવી ખેલાડીઓ સાથે મળવાની અને તેમની પાસેથી શીખવાની તક પ્રાપ્ત થાય છે." અત્રે ઉલ્લેખનીય છે કે આ ટુર્નામેન્ટનું આયોજન ગાંધીનગરના વેટરન્સ ક્રિકેટ એસોસિયેશન દ્વારા ગુજરાત વેટરન્સ ક્રિકેટ એસોસિયેશન તેમજ ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટ તા.૨૨મી એપ્રિલથી તા.૧લી મે ૨૦૨૨ સુધી ચાલશે જેમાં ગુજરાતભરના લગભગ દરેક જિલ્લામાંથી વરિષ્ઠ ક્રિકેટરોની ટીમ ભાગ લેશે.

# સંકુલ સાદરામાં પ્રાકૃતિક ખેતી વિષયક પ્રવચન યોજાયું





ગાંધીનગર, તા. ૨૨

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના ૩૬૦ વિદ્યાર્થી ભાઈઓ બહેનો જેમના વિષય ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઈતિહાસ છે પણ આ વિદ્યાર્થીઓ ઊંડાણના ગામડાઓમાંથી અભ્યાસ કરવા માટે આવે છે, જે ખેતી સાથે સંકળાયેલા છે. આ હેતુને લક્ષમાં રાખી સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિષયક વ્યાખ્યાન આપ્યુ હતુ. જેમાં હરિયાળી ક્રાન્તિએ કરેલા આડેધડ રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના પાક ઉપર છંટકાવથી માનવ શરીરને કેન્સરનો ભોગ બનવાથી તેના ઉપાયો જો હોય તો પ્રાકૃતિક ખેતી જેમાં રાસાયણિક ખાતરો કે જંતુનાશક દવાઓ છાંટવામાં આવતી નથી જેનાથી માનવશરીર કેન્સરમુક્ત બને, પર્યાવરણની સુરક્ષામાં વધારો, જમીન પ્રત સુધરે, લાખોની સંખ્યામાં અળસિયા તૈયાર થાય, જમીનમાં ભેજ સંગ્રહ શક્તિ વધે, વનસ્પતિ પાંદડાનો કમ્પોષ્ટ બેડ બનાવી સેન્દ્રિય ખાતર બનાવવું, લીલા પડવાશ કરી સેન્દ્રિય ખાતર બનાવવું અને આરીને મૃત જમીનને સજીવ બનાવવી તેનું નામ પ્રાકૃતિક ખેતી. સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન ડૉ. બળદેવ મોરીએ કર્યુ હતુ.

# સેકટર-૧૯ બાળ આશ્રય ગૃહમાંથી કિશોર ગુમ

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૯ સ્થિત બાળ આશ્રય ગૃહમાંથી ૧૪ વર્ષિય કિશોર સંસ્થાના દરવાજામાંથી નાસી ગયો છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૯ માં આવેલા બાળ સંરક્ષણ ગૃહમાં અધિક્ષક તરીકે ફરજ બજાવતા વિમલભાઈ મારુએ નોંધાવેલી ફરીયાદ મુજબ આ સંસ્થામાં શેરો પોઝીટીવ ઈનલેસ (એચઆઈવી) ધરાવતા બાળકોની સંભાળ રાખવામાં આવે છે. સંસ્થામાં કુલ-૩૧ બાળકો આશ્રય લઈ રહ્યા છે. જેમાં ૫ બાળકો પોતાના ઘરે ગયેલા છે. જયારે બાળ સંરક્ષણ ગૃહમાં હાલ ૨૫ બાળકો છે. આ બાળકોની સંભાળ માટે સવારે ૯ અને રાત્રે ૪ કર્મચારીઓ સતત ફરજ બજાવે છે. આ દરમિયાન ગત તા.૧૯ એપ્રિલના રોજ વિમલભાઈ સંસ્થાના હાજર હતા. તે સમયે ચારેક વાગ્યાના અરસામાં સંસ્થાના ગૃહપિતા વિષ્ણુ ઠાકોરે બનાસકાંઠાનો ૧૪ વર્ષિય કિશોર ગુમ હોવાની જાણ કરી હતી. જેને પગલે વિમલભાઈએ સંસ્થાના સીસીટીવી ફુટેજ ચેક કરતા તે કિશોર બપોરના ત્રણ વાગ્યાના અરસામાં ગેટની બહાર નીકળતા જોવા મળ્યો હતો. જેથી બાળ કિશોરને શોધવા માટે સંસ્થાના સભ્યોએ રાત-દિવસ એક કર્યો હોવા છતા કિશોર ન મળતા આખરે વિમલભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- કેન્દ્રના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આજે વિવિધ યોજનાઓના અમલીકરણની સમીક્ષાને લઈ વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.
- રાજયના કૃષિ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓના અમલીકરણ તેમજ આવનારા આગામી કાર્યક્રમો અને ખેતીની વર્તમાન સ્થિતિ અંગેની સમીક્ષા માટે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.
- દહેગામ તાલુકાના રખિયાલ ખાતે જિલ્લાતંત્ર દ્વારા આજે આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- લગ્નસરાની મોસમ પૂરબહાર હોવાથી શહેરમાં ટ્રાફિકનું ભારણ વધવા પામ્યુ છે.
- ગાંધીનગર શહેરના ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈની કામગીરી યોગ્ય રીતે નહિ થતી હોવાથી ઠેર ઠેર ગંદકીના ઢગલા જામ્યા.
- ધી ગુજરાત સચિવાલય સેકશન ઓફિસર્સ એસો.એ રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવી બિન બદલીપાત્ર કર્મચારીઓને આવાસ માટે પ્લોટ ફાળવવા માંગ કરી છે.
- ધો. ૭ની વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની પરીક્ષા હવે ૨૯ અને ૩૦ એપ્રિલે યોજાશે.
- પારીક્ષાના પ્રશ્નપત્રોની ગુણવત્તા જળવાય તે માટેની જરૂરી કાળજી લેવામાં આવે તેવી સૂચના જિલ્લા શિક્ષણતંત્રએ આચાર્યોને આપી છે.
- રાષ્ટ્રીય દલિત અધિકાર પંચ ગાંધીનગર દ્વારા જિજ્ઞેશ મેવાણીની ધરપકડના વિરોધમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

# જુના સચિવાલય બ્લોક નં.૧૮ પાસેથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાંથી વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. શહેરમાંથી આંતરે દિવસે વાહનચોરીનો બનાવ સામે આવે છે. વાહનચોર ટોળકી સક્રિય થઈને ગમે ત્યાંથી વાહન ચોરી કરી સિફતપુર્વક નીકળી જાય છે. ત્યારે પોલીસના સઘન પેટ્રોલીંગ અને વાહન ચેકીંગ હોવા છતા ચોર શખ્સો બેફામ બન્યા છે. ત્યારે શહેરના જુના સચિવાલય બ્લોક નં.૧૮ સામે ખુલ્લા પાર્કિંગમાંથી બાઈકની ચોરી થઈ છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૨ બ્લોક નં. ૧૨૮-૧૧ જ-૨ ટાઈપ ખાતે રહેતા વિપુલ બરંડા પરિવાર સાથે રહે છે.જયારે વિપુલ બરંડા જુના સચિવાલય પેન્શન એન્ડ પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. ફરીયાદી નોકરી આવન જાવન માટે હોન્ડા શાઈન બાઈક નં. જી. જે. ૦૧. પી. એસ. ૪૩૪૭નો ઉપયોગ કરતા હતા. ત્યારે ગત તા.૧૮ એપ્રિલના રોજ બાઈક લઈને ઓફિસ ગયા હતા. તે સમયે જુના સચિવાલય બ્લોક નં.૧૮ ની સામે ખુલ્લા પાર્કિંગમાં હોન્ડા સાઈન બાઈક પાર્ક કર્યું હતું. જયારે સાંજે ઓફિસ છુટતી સમયે તેઓએ જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી કોઈ ભુલમાં લઈ ગયુ હશે તેમ સમજી શોધખોળ આદરી હતી. સચિવાલય તેમજ આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા છતા બાઈક મળી ન આવતા સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધાતા પોલીસે વાહન ચોરને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

# આલમપુર પાટીયા પાસે બાઈક ચાલકને ટક્કર મારી નાસી જનાર કાર ચાલક ઝડપાયો

**આ બનાવમાં બાઈક પર સવાર એક યુવકનું મૃત્યું નિપજયું હતું, રાત્રીના સમયે અકસ્માત થયો હતો, સીસીટીવી ફુટેજ ચેક કરતા ટીયુવી ગાડી હોવાનું સામે આવ્યું**

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર પાટીયા પાસે ગત તા.૬ માર્ચ ૨૦૨૨ ના રોજ રાત્રીના સવા દશ વાગ્યાના અજાણ્યા વાહનની અડફેટે બાઈક સવાર બે મિત્રો પૈકી પાછળ બેઠેલા મિત્રનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ગુનો ચિલોડા પોલીસ મથકે નોંધાતા પોલીસે બનાવ સ્થળની મુલાકાત લઈ આસપાસના સીસીટીવી ફુટેજ, વાહન રીપેરીંગ ગેરેજ સર્વિસ શો રૂમ પર જઈ તપાસ કરતા અકસ્માત કરનાર મહીન્દ્રા ટીયુવી ગાડીના ચાલક આલમપુર ગામના જ હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે કાર ચાલકને પકડી પાડી અનડિટેકટ ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-ચિલોડા માર્ગ પર ગત તા.૬ માર્ચના રોજ રાત્રીના સવા દશ વાગ્યાના અરસામાં બાઈક નં. જી.જે.૧૮.એ.ક્યુ.-૪૩૩૯ લઈને નરેશ ભોઈ અને ફેજલ સગરીયાત જઈ રહ્યા હતા. તે સમયે અજાણી કારના ચાલકે ટક્કર મારતા બે મિત્રો બાઈક પરથી નીચે પટકાયા હતા. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તનો તાત્કાલીક સારવાર માટે ખસેડાયા હતા. જયારે ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન ફેજલ સગરીયાતનું મૃત્યુ થયુ હતું. ચિલોડા પોલીસ મથકે નરેશ ભોઈની ફરીયાદ નોંધાતા ચિલોડા પીઆઈ એમ.જી.જાડેજાએ વિવિધ ટીમો બનાવી તપાસનો દોર શરુ કર્યો હતો. પોલીસે ઘટના સ્થળની મુલાકાત લઈ સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા.તે ઉપરાંત ગેરેજ અને શો-રૂમ ખાતે પણ તપાસ હાથ ધરતા અકસ્માત કરનાર ગાડી મહીન્દ્ર કંપનીની ટીયુવી નં.જી.જે.૧૮.બી.જે.-૯૧૯૧ હોવાનું ધ્યાને આવ્યું હતું. ત્યારબાદ પોલીસે કાર ચાલક આલમપુર ગામના નિલેશ મનુભાઈ પટેલની ધરપકડ કરી અનડીટેકટ ગુનાનો ભેદ ઉલેકી દેવામાં આવ્યો છે.

# જીગ્નેશ મેવાણીની ધરપકડના વિરોધમાં દલિત સેના દ્વારા કલેક્ટરને આવેદનપત્ર



ગાંધીનગર, તા. ૨૨

વડગામના યુવા દલિત ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની એક ટ્વિટ માટે આસામની પોલીસ દ્વારા બનાસકાંઠામાંથી જે રીતે ધરપકડ કરવામાં આવી છે તેના વિરોધમાં દલિત સેના અને દલિત અધિકાર સંઘ દ્વારા ગાંધીનગર કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ દલિતસેના સચિવ બાબુભાઈ મેસરવાલાએ જણાવ્યું હતું કે દલિતોના પ્રશ્નોને વાચા આપવા ખડેપગે તેમની પડખે ઉભા રહેનાર જીગ્નેશ મેવાણીની ધરપકડથી ગુજરાત દલિત સમાજની લાગણી દુભાયેલી છે તેમજ ગાંધીનગર જિલ્લા દલિત સમાજની લાગણી દુભાયેલી છે. તેમના સમર્થનમાં દલિતસેના તેમજ ગાંધીનગર દલિત અધિકાર સંઘ અને સફાઈ કામદાર યુનીયન, ગાંધીનગર દલિત સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગાંધીનગર કલેક્ટરને આવેદનપત્ર આપી જીગ્નેશ મેવાણીને ટેકો જાહેર કર્યો હતો.



સરઢવ ગામમાં હાટકેશ્વર મહાદેવની શિખર સ્થાપના તથા મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ સરઢવ સમસ્ત નાગર સેવા સમાજ મંડળ દ્વારા યોજવામાં આવ્યો હતો.

# છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગરના સાંતેજ પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહીબીશનના કેસમાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપી ફરહાન ઉર્ફે સોહિલ સેજરખાન સિપાઈ (પઠાણ) ને ભોંયણ ત્રણ રસ્તાથી કલોલ જતા ચામુડા હોટલ પાસેથી એલસીબી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવાની ડ્રાઈવ ચાલી રહી છે. જે અંતર્ગત એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ વાય.વાય.ચૌહાણ, હે.કો.મુકેશસિંહ દલપતસિંહ, જયપાલસિંહ પ્રતાપસિંહ, લતીફખાન મહેમુદખાન તેમજ કોન્સ્ટેબલ રાજવીરસિંહ અત્તારસિંહ અને લોકરક્ષક સામંતસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે સાંતેજ પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા ફરહાન ઉર્ફે સાહિલ સેજરખાન સિપાઈ(પઠાણ ઉં.૨૦ રહે.મેડા આદરજ હાઈવે થોળ કડી મુળ રહે દેઉસણા સિપાઈવાસ મહેસાણા) ને મોટી ભોયણ ત્રણ રસ્તા થી કલોલ જતા માર્ગ પર આવેલી ચામુડા હોટલ પાસેથી પકડી પાડ્યો હતો. આ શખ્સની ગુના અંગે પુછતાછ કરતા ફરહાન વડસર ખાતે રહેતા રણજીત ઠાકોરને વિદેશી દારૂનો જથ્થો આપી ગયો હતો. આ રણજીત ઠાકોરને ત્યાં સાંતેજ પોલીસે રેઈડ કરી કાયદેસરની કાર્યવાહી કરતા તે ગુનામાં તેનુ નામ ખુલતા તે આજદિન સુધી નાસતો ફરતો હોવાની હકીકત જણાવી હતી.

# ઘ-૩ પેટ્રોલ પંપથી ઝડપાયેલા લાંચિયા અધિકારીના ૪ દિવસના રિમાન્ડ મંજુર

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના ઘ-૩ સર્કલ પાસે આવેલી એચ.પી.પેટ્રોલ પંપની ચેમ્બરમાં છટકુ ગોઠવી કંપની મેનેજમેન્ટ કંપની ઓપરેટેડ ઓફિસર મુલચંદ પરસારામ ધોલપુરીયાને રૂ.૧.૧૦ લાખની લાંચ લેતા એસીબીએ ગઈકાલે ઝડપી પાડ્યો છે. પેટ્રોલ પંપ ખાતે ફરજ બજાવતા ૨૪ જેટલા કર્મચારીઓને હેરાન નહી કરવાના, નોકરીમાંથી છુટા નહી કરવાના અવેજ પેટે આ રૂપીયાની માંગ કરી હતી.ત્યારે એસીબીના હાથે લાંચીઓ અધિકારી ઝડપાઈ જતા શહેરના લાંચીયા અધિકારી-કર્મચારીઓમાં સોંપો પડી ગયો હતા. જયારે એસીબી પોલીસે લાંચીયા કોમકો અધિકારી મુલચંદ ધોલપુરીયાની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરી ૭ દિવસના રીમાન્ડની માંગ કરી હતી. જયારે સરકારી વકીલ પ્રિતેશ વ્યાસે દલીલો રજુ કરતા કોર્ટે આરોપીના ૪ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

# S.M.R.F. ચેરીટેબલ ટ્રસ્ટે ૧૨ વર્ષમાં ૯૩૧ કેમ્પ સફળતા પૂર્વક પૂર્ણ કર્યા

ગાંધીનગર,તા.૨૨

સનસેટ મેડિકલ રીલીફ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી વૃધ્ધાશ્રમ ખાતે ની મેડિકલ કેમ્પ ની કામગીરી મા ૧૨ વર્ષ પુરા થયા અને ૧૩ માં વર્ષ માં પ્રવેશ કર્યો છેગાંધીનગર થી ૭૦ કીલોમીટરની ત્રિજ્યા મા આવેલા કુલ ૪ જિલ્લા ના ૧૫ વૃધ્ધાશ્રમ ખાતે રહેતા કુલ ૫૩૧ દાદા-દાદી ને જરુરી બી.પી,ડાયાબીટીસ, થાઈરોઈડ, અસ્થમા, ખેંચ, લકવા જેવા કાયમી લેવી પડે તેવી દવાઓ અને જરૂરી ઓ.પી.ડી ને લગતી દવાઓ તથા મલ્ટી વીટામીન, કેલ્શિયમ, આયન જેવી જરૂરી દવાઓ અવિરત દર બે મહિને રેગ્યુલર કેમ્પ દ્વારા પુરી પાડવામાં આવે છે.

# આત્મન ફાઉન્ડેશને અગરિયા પરિવારોને અનાજ-સ્લીપરનું વિતરણ કર્યુ



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા ગામના મીઠા ઉદ્યોગના શ્રમિકોને અનાજ અને સ્લીપરનું તા. ૨૧ એપ્રિલના રોજ વિતરણ કરવામાં આવ્યું હતું. ખારાઘોડા એટલે કચ્છના નાના રણનો અને મીઠાના અગરોનો વિસ્તાર. ખારો પાટ. મીઠાનું ઉત્પાદન કરતા અનેક અગરિયા અહીં મીઠું પકવવાનું કઠિન કામ કરી ગુજરાન ચલાવે છે. મીઠાના ઉત્પાદન પછી એને એકઠું કરી ટ્રકમાં ચડાવવું, ઉતારવું, કોથળીમાં પેક કરવું, મીઠા પ્રોસેસ સાથે સંકળાયેલ કામગીરી, એને ટ્રેનના વેગનમાં ચડાવવું -- વગેરે જેવી શ્રમની કામગીરીમાં પણ સ્થાનિક અનેક લોકો આકરી મજૂરી કરી રોજગારી મેળવતા હોય છે પણ, આવા શ્રમિકોને વર્ષના બધા મહિના કામ મળતું હોતું નથી. વળી કેટલાક શ્રમિકો ઉંમરને કારણે પણ આવું કઠિન શ્રમ કાર્ય કરી શકતા હોતા નથી. આવા એકાકી વૃદ્ધ, શારીરિક તકલીફવાળા ભાઈઓ, જરૂરિયાતવાળી વૃદ્ધા અને વિધવા બહેનો -- આવા અંદાજે ૮૦ ઉપરાંત શ્રમિક લાભાર્થીઓને અનાજની કીટ અને સ્લિપરનું આત્મન દ્વારા એમના ઘેર ઘેર જઈ પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. ખારાઘોડા ગામમાં સમાવિષ્ટ જૂના નવાગામ, નવા નવાગામ અને સ્ટેશન એમ ત્રણ વિસ્તારના લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. આ સેવા કાર્યમાં આત્મન ફાઉન્ડેશનના પ્રમુખ સી.એલ.મહેતા, સહયોગી અશોકભાઈ ત્રિવેદી, લીનાબેન મહેતા, પ્રજ્ઞાબેન પટેલ જોડાયા હતા. ખારાઘોડામાં ખૂબ ઉમદા એવી આરોગ્ય અને અન્ય પ્રવૃત્તિ કરતી સેતુ આરોગ્ય સંસ્થાની તેમણે મુલાકાત લઈ કામગીરી અંગે જાણકારી મેળવી હતી. સેતુ સાથે જોડાયેલા અંબુભાઈ પટેલે વિગતે માહિતી આપી હતી. આ વિતરણ કાર્યમાં સેતુના કાર્યકર સવશીભાઈ, દલપતભાઈ, હરસિદભાઈ અને સાથીઓએ સરસ સહયોગ આપ્યો હતો. કેટલીક શ્રમિક બહેનોને પણ સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આત્મન દ્વારા થોડા દિવસો પહેલાં ખારાઘોડા અને સાંતલપુરના અગરિયા પરિવારોને અનાજ કીટ, શાકભાજી, કપડાં, પગરખાં વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.માણસા તાલુકાના દસ ગામના ૮૦ જેટલા લાભાર્થીઓને પણ અનાજ કીટ, સ્લીપર વિતરણ સાથે ભોજન - પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો.

# ગૂજરાત વિદ્યાપીઠ સાદરામાં રંગત-૨૦૨૨ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૨

ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં રંગત-૨૦૨૨ કાર્યક્રમ યોજાયો હતો. કોરોના મહામારીમાં મોટાભાગે ઓનલાઈન શિક્ષણકાર્યને લીધે વિદ્યાર્થીઓ ઘેર બેઠાં અભ્યાસ કરતા હતા. બે ત્રણ માસથી ઓફલાઈન શિક્ષણ કાર્યની સાથે વિદ્યાર્થી ભાઈઓ બહેનો માનસિક સ્વાસ્થ્યની રીતે મજબૂત બને, ખુલે, ખીલે તે હેતુથી સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના એકમ અંતર્ગત ડૉ. મોતી દેવુ, દિવ્યેશ ભટ્ટ, ડૉ. ગેલજી ભાટીયા, ડૉ. ગાયત્રીદત્ત મહેતાના શૂક્ષ્મ આયોજનથી રંગત-૨૦૨૨ કાર્યક્રમ ડૉ. સંજય મકવાણાના અધ્યક્ષસ્થાને યોજાયો જેમાં આદિવાસી નૃત્ય ટીંબલી, ગરબા, એકપાત્રીય અભિનય, અંધશ્રદ્ધા નિર્મૂલન ડાકલા ગીત જેવા શૈક્ષણિક સંદેશાઓ આપતી કૃતિઓ રજૂ કરાઈ. મહામંત્રી ભાવના ચાવડા, દિપ્સા ગુરવા, દિશા પ્રજાપતિ, મિલ્કા હિલીમના નેતૃત્વ અને માર્ગદર્શનથી રંગત-૨૦૨૨ કાર્યક્રમ સફળ થયો. ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંકુલ સંયોજક રમેશભાઈ પટેલે કલાકારોને શાબ્દિક તેમજ આર્થિક અનુદાન અપાવી પ્રોત્સાહિત કર્યા હતા.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પૃથ્વી દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૨

પૃથ્વીના સંરક્ષણ માટે શક્ય ઉપાયો અંગે જાગૃતિ ફેલાવવા માટે ૧૯૭૦થી પ્રતિવર્ષ તા.૨૨મી એપ્રિલના રોજ વિવિધ થીમ અંતર્ગત વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવે છે. પૃથ્વીની જાળવણી અને સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા ગુજરાત સાયન્સ સિટી ખાતે આજે આ વર્ષની થીમ 'આપણી પૃથ્વીમાં રોકાણ કરીએ' અંતર્ગત વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિતે એમ.જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના જીઓલોજી વિભાગના પ્રો. હેમંત મજેઠીયા સાથે ખાસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. મજેઠીયાએ તેમના લેકચર દરમિયાન પૃથ્વી ગ્રહના મહત્વ વિશે જણાવ્યું હતું તથા પૃથ્વીના સંવર્ધન માટે કેવા પગલાંઓ લઈ શકાય તે વિશે જણાવ્યુ હતું.





આ ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓએ પૃથ્વીની સુરક્ષા અને જતન માટે જાગૃત બની પૃથ્વી પ્રત્યે આદર અને પ્રેમ રાખી સ્ત્રોતના પુનઃઉપયોગ, વૈજ્ઞાનિક નાગરિક બની રિસાઈકલ કરવા તથા પૃથ્વીને વધુ સારી બનાવવા માટેની પ્રતિજ્ઞા લીધી. આ ઉપરાંત ગુજરાત સાયન્સ સિટી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ વિજય નહેરા તથા સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર એચ. સી. મોદીએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભગના નેજા હેથળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી સમાજમાં વિજ્ઞાન ના પ્રચાર પ્રસાર માટે કટિબદ્ધ છે. સસ્ટેનેબલ લિવિંગ અંતર્ગત ભાવિ પેઢીને અર્થ પ્લેનેટને લગતી વિવિધ સમસ્યાઓ અને તેના ઉકેલ માટે જાગૃત કરવા સાયન્સ સિટી દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.